જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૫૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૭૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૫૦ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૫,૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અને પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકયત તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૫૬/૨૦૨૫**

ક્રાઇમ બ્રાન્ચઃ શાબીરભાઇ લુકમાનભાઇ મોકમજીવાલા (ઉ.વ.૬૦) (રહે. આસ્ટોડીયા ચકલા કાજીના ઢાબા વેરાઇમાતાની પોળ ગાયકવાડ હવેલી) એ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે "જયશ્રી ક્રિએશન" ના માલીક અજય મહેશકુમાર સુખીયાની તથા કર્તા–હર્તા સન્ની મહેશકુમાર સુખીયાની તેમજ મહેશકુમાર સુખીયાની નાઓએ ભેગા મળી તેઓની ફર્મમાં શાબીરભાઇ મોકમજીવાલા તેમજ સાહેદ વેપારીઓ પાસેથી તા.૦૧/૦૨/૨૦૨૫ થી તા.૧૦/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા મહારાજનુ ખેતર એસ.એમ.મોકમજીવાલા નામની ફર્મ સિંકદર માર્કેટ ખાતેથી ઉધારીમાં જથ્થાબંધ લેડીઝ ડ્રેસ મટીરીયલ શુટની ખરીદી કરી માલનુ પેમેન્ટ ૪૫ થી ૫૦ દિવસમાં ચુકવવવાની ખાતરી ભરોસો આપી પાછળથી વાયદા મુજબ પેમેન્ટ નહી કરી બાકી નિકળતા રૂપિયા ૪,૫૮,૯૨,૫૦૪/– ચુકવણી નહી કરી પોતાની દુકાન બંધ કરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪, પો.ઈ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ ફિરોજ રમજાનીભાઇ ટાટાવાલા (ઉ.વ.૩૫) (રહે. જુના વણકરવાસ ઇસ્માઇલપીરની ચાલી) એ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે amazon નામની એપ્લીકેશન ઉપર પ્રસિધ્ધ થયેલ ગુજરાત મહેસાણા ઊઝા ઓલ્ડ માર્કેટ યાર્ડ મેઇન લાઇન સુપર સાયલીયમ પેઢીની વિજે જવેલર્સની જાહેરાત જોઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ફિરોજ ટાટાવાલા તથા તેમના સંબંધીઓએ ક્રેડીટ કાર્ડથી રૂપિયા ૧૨,૬૦,૦૦૦/– પેમેન્ટ કરી ૩૬ ગોલ્ડ કોઇન ખરીદ કર્યા હતા. જેની ડીલવરી તેઓને આજદિન સુધી મળેલ ન હોય કે પૈસા પણ પરત મળેલ ન હોય amazon કસ્ટમર કેરમાં ફોન કરતા ડીલીવરી થઇ ગયેલ છે અને પૈસા પરત મળશે નહી તેમ જણાવી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.વી.ગોસાઈ ચલાવે છે.

ચાંદખેડાઃ સંજીબ સ/ઓ દિલીપકુમાર શર્મા (રહે. પાર્શ્વનાથ મેટ્રોસીટી, ટી.પી–૪૪, ચાંદખેડા) એ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૫ રાતના ૧૦/૦૦ થી તા.૦૮/૧૦/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધી આરોપી આસીફ સ/ઓ કાલુભાઇ ગરાસીયા (રહે. ટાકરા ફરીયા, ભીલાપુર, વડોદરા) નાઓ શર્મા ટ્રાવેલ્સ એજન્સીની ઓફીસ ચાંદખેડા તથા નમસ્તે સર્કલ માધવપુરા ખાતેથી મિત્રતામાં સંજીબ શર્મા નાઓની ઇનોવા ગાડી કિમત રૂપિયા ૧૭,૦૦,૦૦૦/– ભાડેથી લઈ જઇ ગાડી અન્ય વ્યક્તિને વેચાણ કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૫૭/૨૦૨૫**

નારણપુરાઃ સંજય દશરથભાઇ પટેલ (રહે. ૧૫૫ ડ્રીમ સુપર સીટી રાધેક્રિષ્ણા મંદિરની બાજુમાં ભાડજ) એ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૫ રાતના ૦૮/૦૦ થી તા.૧૫/૧૦/૨૦૨૫ સવારના ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા જયમંગલ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડની સામે સ્વાસ્થ્ય ડાયાબીટીસ કેર હોસ્પિટલમાં આવેલ હેલ્થ પેરિકોન એલ.એલ.પી.નામની પોતાની મેડિકલની દુકાનની બારીનું લોક તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૩,૧૭,૮૨૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

દાણીલીમડાઃ કિરણબહેન અનિલકુમાર દોહરે (રહે.બાબા લબલબીની દરગાહ પાસે કેલીકો મીલ પાસે બહેરામપુરા દાણીલીમડા) એ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૫ સવારના ૦૪/૦૦ થી ૦૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– સાથેનો એક લોખંડનો ગલ્લો અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.સોલંકી ચલાવે છે.

બાપુનગરઃ કલાબહેન વા/ઓ પુનમભાઇ પટણી (રહે. અરૂણેશ સોસાયટી મોહનનગર સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૫ કલાક ૦૦/૩૦ થી કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૭,૦૦૦/– મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૪૫૮/૨૦૨૫**

નરોડાઃ મંજુદેવી સુરેશચન્દ્ર જૈન (૭૫.૫૮) (રહે. પુલીન સોસાયટી વિભાગ–૧ પાયલનગર પાછળ ખોડિયાર માતાના મંદિર પાસે નરોડા) એ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મંજુદેવી જૈનના ઘરે કામ કરતા જયોત્સનાબહેન ધર્મેશભાઇ ઠાકોર (રહે. કુમારશાળાની બાજુની ચાલીમાં ભરવાડ પાસે નરોડા ગામ) તા.૧૪/૦૮/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા મંજુદેવી જૈનના ઘરમાં લોકરોની ડુપ્લીકેટ ચાવીઓ બનાવી તે ચાવીઓનો ઉપયોગ કરી બે લોકર ખોલી એક લોકરમાંથી સોનાની વિંટી નંગ–૬ કિમત રૂપિયા ૯૦,૦૦૦/– તથા બીજા લોકરમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/– મતા ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ રાવલ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૪૫૯/૨૦૨૫**

નારણપુરાઃ શિલ્પાબહેન વા/ઓ પ્રમોદભાઇ શાહ (૭૫.૭૬) (રહે. પાંડવનગર સોસાયટી જય મંગલ સોસાયાટી સામે નારણપુરા) તા.૧૪/૧૦/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા મીરામ્બીકા જૈન ઉપાશ્રય આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટુ વ્હિલર ઉપર આવેલ એક પુરૂષ શિલ્પાબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શિલ્પાબહેન શાહ એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી ડી.બી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૬૦/૨૦૨૫**

વાસણાઃ કરણલાલ સ/ઓ રમણલાલ કટારા (ઉ.વ.૨૯) (રહે. નારાયણનગર હરિઓમનગરની ચાલી વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૫ બપોરના ૪/૦૦ થી ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એઇમ્સ હોસ્પિટલ ખાતે લઈ જતાં ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એમ.કે.ગલ ચલાવે છે.

નરોડાઃ નિતેશ લાલચંદ જયસ્વાલ (ઉ.વ.૪૬) (રહે. સ્વામિનારાયણ પાર્ક ફ્લેટ હરી દર્શન નવા નરોડા) એ બીમારીથી કંટાળી તા.૧૪/૧૦/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

રામોલઃ વિજેન્દ્રભાઇ કિશોરીલાલ પંચાલ (ઉ.વ.૫૩) (રહે. રઘુલીલા રેસીડન્સી તનમન ચાર રસ્તા પાસે વસ્ત્રાલ) એ બીમારીથી કંટાળી તા.૧૫/૧૦/૨૦૨૫ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરની બારીમાંથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિંહ જગતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી